ANUBHAVS



# બાપુરાયા, આપ જ મારા  મા-બાપ છો...

© Copyright 2010, Manasamarthyadata.com

manasamarthyadata.com



*- સુરેખા ગાયધની*

22 ડિસેમ્બર 2006, મારા દીકરા શ્રેયસનું નેશનલ ડિફેન્સ એકડેમીમાં સિલેક્શન થયાનો પત્ર આવ્યો હતો. 26 તારીખે અમે તેને ક્ષડકવાસલા સ્થિત કેમ્પમાં મૂકીને આવ્યાં હતાં. શરીરે પાતળા બાંધાનો અને ક્યારેય વ્યાયામ કરેલ ના હોવા છતાં માત્ર પરમેશ્વરી કૃપા અને ઈચ્છાશક્તિનાં કારણે તેની પસંદગી કરવામાં આવી હતી. અહીંનાં આકરા પ્રશિક્ષણ વિષે સાંભળીને મન પર ભાર લઈને અમે જીવતા હતાં. શ્રેયસ 17 વર્ષની આયુમાં, મારા વગર ક્યારેય એકલો રહ્યો નહોતો. પરિણામે અમે તેનું પ્રશિક્ષણ કુશળતાપૂર્વક પૂરુ થાય તે માટે બધા મંદિરોમાં જઈને માનતા રાખતા હતાં. આ સમય દમ્યાન દર અઠવાડ્યે અમે તેને મળવા માટે જતાં હતાં.

બધુ વ્યવસ્થિત ચાલી રહ્યું હતું. એટલામાં ફેબ્રુઆરી મહિનામાં કસરત કરતા સમયે તેની આંગળીમાં ફ્રેક્ચર થઈ ગયું હોવાથી હાથમાં પ્લાસ્ટર કરવામાં આવ્યું હતું. આ સમયે તેની પરીક્ષા હોવાથી અમે તેને મળવા જઈ શક્યા નહોતાં, તેથી પંદર દિવસ પછી અમને આ વાતની ખબર પડી હતી. આ ચિંતિત અવસ્થામાં એક દિવસ અમારી નજીક રહેતા દેશપાંડે મેડમનાં ઘરે હું પહેલીવાર ગઈ હતી.

આ દિવસ મારા માટે સ્વર્ણિય બની ગયો છે. અહીં મને સદ્‌ગુરુ શ્રીઅનિરુદ્ધ બાપુ વિષે ખબર પડી હતી. તે મને બાપુજી વિષે ઘણી બધી વાતો કરતા હતાં અને હું મંત્રમુગ્ધ બનીને તેમની વાતો સાંભળ્યા કરતી હતી. તેમનો પણ એકમાત્ર દીકરો હોવા છતાં તેને એન.ડી.એ.માં મૂક્યો હતો અને તેમને બિલકુલ ચિંતા પણ નહોતી. તેમણે બધી ચિંતાનો ભાર બાપુને સોંપ્યો હતો.

તેમની પાસેથી બાપુના મહિમાની વાતો સાંભળતા સાંભળતા મને ધીરે ધીરે એવુ લાગ્યું કે તે બાપુ ભરોસે તેનાં દીકરાને રાખી શકે છે તો પછી હું શા માટે ના રાખી શકુ ? તેમનાં ઘરેથી નીકળતા સમયે મેં બાપુજીને મનોમન પ્રાર્થના કરી હતી કે 'બાપુ, હવે મારા દીકરાના તારણહાર તમે જ છો! તમે જ મારા દીકરાનું ધ્યાન રાખજો.' ત્યારબાદ હું દરગુરુવારે પ્રવચનમાં અને શનિવારે ઉપાસનામાં જવા લાગી હતી તથા રામનામની નોટ લખવાની શરુઆત પણ કરી હતી. હવે મને પહેલાં જેવી ચિંતા થતી નહોતી.

શ્રેયસ પણ કેમ્પમાં ખુશ રહેતો હતો. બાપુજીની કૃપાથી તે પહેલા સેમિસ્ટરમાં પાસ થઈ ગયો હતો. રજાઓમાં તે ઘરે આવ્યો ત્યારે હું તેને પ્રવચનમાં લઈ ગઈ હતી અને મેં તેને રામનામની નોટ પણ લખવા માટે આપી હતી. બીજા સેમિસ્ટર દરમ્યાન તેણે ફિઝિકલ ટ્રેનિંગમાં ખૂબ જ મહેનત કરી હતી પરંતુ તેનાં પગમાં ભારે દુઃખાવો થતો હતો. તેથી તેને હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યો હતો.તે બાપુજીનું સતત નામસ્મરણ કરતો હતો. તે સારો થઈને પુનઃ કેમ્પમાં આવ્યો હતો. એકવાર પહાડ પર દોડીને આવતા સમયે તેનો પગ તીક્ષ્ણ પથ્થર સાથે અથડાઈ ગયો હતો અને તેણે 'બાપુ' નામની જોરથી બૂમ પાડી હતી. તેણે પગમાં બૂટ પહેર્યા હોવાથી અંદરથી સોજો આવ્યો હતો. બાપુજીની કૃપાથી મોચ સુધી જ સીમિત રહ્યું હતું. પરંતુ તેને ત્રણ અઠવાડિયા સુધી હોસ્પિટલમાં રહેવુ પડ્યું હતું. દેશપાંડે મેડમ તેમના દીકરાને મળવા માટે ગયા હતાં, ત્યારે તેમને આ વાત ખબર પડી હતી, પરંતુ મારા દીકરાએ તેમને મને કહેવાની ના પાડી હતી.

થોડા સમય પછી મને આ વાતની ખબર પડતા હું ટેન્શનમાં રહેવા લાગી હતી. આ સમયે મેં જ્યોતિષનો આધાર લીધો હતો. એકમાત્ર સદ્‌ગુરુ જ આપણાં પ્રારબ્ધનો નાશ કરે છે, અન્યથા જ્યોતિષ તો એક  મર્યાદા વટાવ્યા પછી તમારી મદદ પણ કરી શક્તા નથી, ડરનાં  માર્યા આ વાત મને  સમજાઈ નહોતી. આ જ્યોતિષે સાડાસાતીની પનોતીના ભયની વાત કરતા મારા દીકરાને કેમ્પમાંથી પાછો બોલાવવાની સલાહ આપી હતી. તેથીએ હું બીજા રવિવારે પૂના ગઈ હતી અને તેની સાથે આ અંગે વાતચીત કરી હતી, પરંતુ તેણે સ્પષ્ટ ના પાડી દીધી હતી. તેણે મને કહ્યું કે,'તમને ખબર છે ને અહીં સુધી પહોંચવું કેટલુ બધુ અઘરુ છે. હું પાછો આવવાનો નથી. બાપુ છે ને, 'એ' મારુ ધ્યાન રાખશે.' હું મનોમન બાપુ-નંદાઈને નતમસ્તક કરીને બાપુને કહ્યું કે, 'આ તમારો જ દીકરો છે. થોડો જિદ્દી છે, અશક્ત છે.હવે  તમારે જે કરવુ  હોય તે કરજો.'

ખરાબ સમયની સમાપ્તિ થઈ ના હોય તેમ પ્રથમ યુનિટ ટેસ્ટમાં શ્રેયસ કેમેસ્ટ્રીમાં નાપાસ થયો હતો. હવે ઘણા લોકો  કહેતા હતાં કે, 'એકવાર પુર્નવિચાર કરી જુઓ.' પરંતુ હું શાંતિથી બેસી રહી હતી. ત્યારબાદ હું  ગુરુવારે પ્રવચનમાં ગઈ હતી, દર્શન માટે લાઈનમાં ઉભા રહેતા સમયે હું મનોમન બાપુજી સાથે વાતો કરતી હતી, બાપુજીએ  સ્ટેજ પરથી હાથ હલાવતા ઈશારાથી  મને  સમજાવતા હતાં કે,'હું છું ને, તુ ચિંતા કરીશ નહિં.'

હોસ્પિટલમાં હોવાથી શ્રેયસ ફિઝિકલ ટ્રેનિંગની પ્રેક્ટીશ કરી શક્યો નહોતો. બધા કહેતા હતાં કે તે ફેઈલ જ થશે. આ સમયે શ્રેયસ સતત રામનામ લખતો હતો. અંતમાં ફિઝિકલ ટ્રેનિંગનો દિવસ આવી ગયો હતો. રાત્રે  તેણે મને ફોન કરીને કહ્યું હતું કે, 'મા, બાપુને કહેજે કે કાલે મારી ટ્રેનિંગ છે.' બીજા દિવસે સવારે તે ઉદી લગાવીને ખિસ્સામાં બાપુનો ફોટો લઈને પરીક્ષા આપવા માટે ગયો હતો.

તે અન્ય બધી ટેસ્ટમાં પાસ થઈ ગયો હતો પરંતુ પગમા વાગ્યુ હોવાથી તે 'રોપ' પર ચઢી શક્યો નહોતો. એક ઓફિસરે તેને કહ્યું કે તુ ફેઇલ થયો છે.એટલામાં એક બીજા ઓફિસરે આવીને તેને ફરીવાર 'રોપ' પર ચઢવાનું કહ્યું હતું. આ સમયે આશ્ચર્યની વાત બની હતી કે, જે રોપ પર પહેલા તે ચઢી શક્યો નહોતો, તેની પર આ વખતે તે ત્રણ વાર ઉપર ચઢીને નીચે આવ્યો હતો. આ ઓફિસરે તેને ટ્રેનિંગમાં પાસ જાહેર કર્યો હતો. તેણે મને ફોન કરીને કહ્યું કે,'મા, બાપુએ મને પાસ કરાવી દીધો છે.' તેની વાત સાંભળીને મેં બાપુનાં ફોટા સમક્ષ સાષ્ટાંગ નમસ્કાર કર્યા હતાં. ખરેખર... બાપુ ના મળ્યા હોત તો ખબર નહીં મારી કેવી દશા થઈ હોત?

હવે ફાઇનલ પરીક્ષા નજીક આવી રહી હતી.તે અભ્યાસ કરી રહ્યો હતો. પરંતુ પહેલા રહી ગયેલાં માર્કસની પણ તેણે પૂર્તિ કરવાની હતી. પરીક્ષા દરમ્યાન  તે જોઇએ તેવુ વ્યવસ્થિત લખી શક્યો નહોતો, તેથી તે ટેન્શનમાં રહેતો હતો.થોડા દિવસો પછી  તેનું પરિણામ જાહેર થયું હતું, તેનાં બે સિનિયરો ફેઇલ થયાં હતાં તેથી તેને ખૂબ ચિંતા થતી હતી. પરંતુ રાત્રે બાર વાગ્યે તેનો ફોન આવ્યો હતો,'મા, હું પાસ થઈ ગયો છું.'આટલા બધા દિવસનાં ટેન્શનમાંથી મુક્તિ મળી હતી. હું શ્રીસાંઇ સચ્ચરિત્રનાં અગિયારમાં અધ્યાયનું પઠણ કરવા લાગી હતી.

મેં મનોમન બાપુજીને વચન આપ્યું હતું કે તેના ઘરે આવતા પહેલાં હું રામનામની નોટ લખીને પૂર્ણ કરીશ. આ અનુસાર મારા થોડા પાના લખવાનાં રહી ગયા હતાં. શ્રેયસ ગુરુવારે ઘરે આવવાનો હતો. ગુરુવારે સવારમાં જ હું રામનામની નોટ  લખવા માટે બેસી ગઈ હતી અને 10.30 વાગ્યે નોટ પૂર્ણ લખીને બાપુનાં ફોટા સમક્ષ મૂકીને નમસ્કાર કર્યા હતાં. એટલામાં જ શ્રેયસનો ફોન આવ્યો હતો કે,'મા, હું બસમાં બેસી ગયો છું અને ત્રણ વાગ્યા સુધીમાં ઘરે પહોંચી જઇશ.' તેનાં આવ્યા પછી અમે જમીને પ્રવચન  સાંભળવા માટે બાંદ્રા ગયા હતાં. સાંજે બાપુ આવ્યા ત્યારે અમે દર્શન કરવા માટે ઉભા હતાં, એટલામાં કોઇએ શ્રેયસના હાથમાં ફૂલ આપ્યા હતાં અને આ રીતે તેને બાપુજી પર પુષ્પવૃષ્ટિ કરવાનો અવસર પ્રાપ્ત થયો હતો. શ્રેયસ અને તેનાં બે મિત્રો, નિમિષ દેશપાંડે - અર્જુન સાવંતને 'શ્રીગુરુક્ષેત્રમ'માં બાપુજીના હસ્તે ઉદી લેવાનો અવસર પણ પ્રાપ્ત થયો હતો.

શ્રેયસ બાપુજીની સામે જ બેઠો હતો. હું બહાર ઉભી રહીને આ દશ્ય જોતા ખુશ થતી હતી. થોડીવારમાં અહીં નંદામાતા પણ આવ્યા હતાં. મારી સ્થિતી ખરેખર પાગલ જેવી જ થઈ ગઈ હતી. સાક્ષાત લક્ષ્મી  નારાયણ જ નજર સમક્ષ હતાં. ત્યારબાદ નંદાઈનાં સ્વરમાં દત્તબાવની શરુ થઈ હતી. શ્રેયસને દત્તબાવની કંઠસ્થ હતી. તે દત્તબાવની બોલતો હતો ત્યારે નંદાઈ તેને જોઇ રહ્યાં હતાં. તેણે મને બહાર આવીને કહ્યું કે,'મા, નંદાઈ અમારી તરફ જોઇને મધુરતાથી હસી રહ્યાં હતાં.'

આજે પણ આ વાતની યાદ આવતાં આંખો ભરાઇ આવે છે. ઘણીવાર એવુ લાગે છે કે કેટલી નાની નાની વાતોમાં ગભરાઈ જઈને આપણે બાપુ-નંદાઇને તકલીફ આપતા રહીએ છીએ. પરંતુ એકવાર ડો. યોગીન્દ્રસિંહ જોશીએ એક વાત કહી હતી, 'એ' જ આપણાં મા-બાપ છે,આપણાં સુખ - દુઃખની વાતો તો આપણે એમને જ કહીશું ને! આ વાત યાદ આવતા મારુ મન શાંત થઈ ગયુ હતું.પરંતુ આવા સર્વસમર્થ મા-બાપને છોડીને જ્યોતિષ પાસે જઈએ છીએ, ઘેરાયેલી સમસ્યામાંથી બહાર નીકળવા માટે તીર્થક્ષેત્રોની યાત્રા કરીએ છીએ, આ વાત બિલકુલ યોગ્ય નથી.

*કુઠે શોધિસી રામેશ્વર અન, કુઠે શોધિસી કાશી.*
*હૃદયાતીલ ભગવંત રાહિલા, હૃદયાતૂન ઉપાશી.*

આ પંક્તિ મારા માટે સત્યની સાક્ષી પૂરાવે છે.

હવે શ્રેયસને ત્રીજા સેમિસ્ટરમાં પ્રવેશ મળી ગયો છે. તે ખૂબ જ સારી રીતે ઘડાઈ ગયો છે અને મનથી પણ મજબૂત બની ગયો છે. હવે તે સમસ્યાઓથી પણ ડરતો નથી. તેને નિરંતર બાપુજીના સામર્થ્ય મળતા રહેવાની સુંદર અનુભૂતિ થાય છે. બાપુ કૃપાથી જ યોગ્ય સમયે પ્રત્યેક સમસ્યાનું નિવારણ થાય છે.

બાપુ... તમારી પ્રેરણાથી અને આર્શીવાદ સાથે આ બાળકો દેશનાં રક્ષણ માટેના કાર્યમાં સહભાગી થયાં છે.તેમની પર સદૈવ તમારી કૃપાદૃષ્ટિ રાખજો.

ANUBHAVS

# HARI OM

© Copyright 2010, Manasamarthyadata.com

manasamarthyadata.com